# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

**************************************************

1) ભારત-રશિયા વચ્ચે સંરક્ષણથી લઈને વેપાર સુધી વિવિધ ક્ષેત્રે 16 કરારો પર હસ્તાક્ષર થયા

2) ઉપરાષ્ટ્રપતિની ઉપસ્થિતિમાં આજે ગુજરાતનાં એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા પદયાત્રાનું સમાપન થશે.

3) કેન્દ્રીય મંત્રી અમિત શાહ ગુજરાતમાં સહકાર સલાહકાર સમિતિની ત્રીજી બેઠકની અધ્યક્ષતા કરશે

4) દેશ આજે બાબાસાહેબ આંબેડકરને 70મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.

5) સરકારે ઇન્ડિગો ફ્લાઇટ્સમાં કામગીરીમાં અવરોધો પાછળના કારણોની સમીક્ષા માટે સમિતિની રચના કરી

6) ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ત્રીજી અને અંતિમ વનડે મેચ રમાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# INDIA AND RUSSIA

ભારત અને રશિયાએ ગઈકાલે સંરક્ષણ, વેપાર, અર્થતંત્ર, આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયા સંબધિત ક્ષેત્રોને આવરી લેતા 16 કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

નવી દિલ્હીમાં 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત-રશિયા મિત્રતા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે શક્તિ પ્રદાન કરશે અને આ વિશ્વાસ બંને દેશોના સહિયારા ભવિષ્યને વધારશે. તેમણે કહ્યું કે ભારત અને રશિયા આતંકવાદ સામેની લડાઈમાં ખભે ખભો મિલાવીને ઉભા છે.

BYTE: PM-MODI-ON-TERRORISM

પ્રધાનમંત્રીએ કહ્યું કે બંને પક્ષો શક્ય તેટલી વહેલી તકે યુરેશિયન આર્થિક સંઘ સાથે મુક્ત વેપાર કરાર પૂર્ણ કરવા માટે કામ કરી રહ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે સાંજે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના સન્માનમાં રાત્રિભોજનનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે બોલતા, શ્રી મુર્મુએ જણાવ્યું હતું કે શ્રી પુતિનની મુલાકાત બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોમાં મહત્વપૂર્ણ છે. રાષ્ટ્રપતિએ ભારત-રશિયા વિશેષ વ્યૂહાત્મક ભાગીદારી પ્રત્યે શ્રી પુતિનના સમર્થન અને વ્યક્તિગત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ગઈકાલે રાત્રે પાલમ એરપોર્ટથી રશિયા જવા રવાના થયા, વિદેશ મંત્રી એસ. જયશંકરે તેમને વિદાય આપી.

શ્રી પુતિને પ્રધાનમંત્રી મોદીને 2026માં 24મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે રશિયાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું. 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન પછી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં, બંને નેતાઓએ છેલ્લા શિખર સંમેલન પછી તમામ સ્તરે સંપર્કોમાં સતત વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો.

# PADYATRA SAMAPAN

ભારત રત્ન સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે કરમસદથી નીકળેલી રાષ્ટ્રીય એકતા પદયાત્રા આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પૂર્ણ થશે. આ પૂર્ણાહુતિ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય એકતા પદયાત્રા 26 નવેમ્બરના રોજ સરદાર સાહેબના જન્મ સ્થાન કરમસદથી આરંભાઇ હતી. 11 દિવસ ચાલેલી આ યાત્રા આણંદ ઉપરાંત વડોદરા, નર્મદા જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં પરિભ્રમણ કરી કેવડિયા પહોંચી છે. આ પદયાત્રાએ સમગ્ર દેશમાં એકતા, ભાઇચારા તથા એક ભારત, શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતનો સંદેશ પ્રસરાવ્યો છે.

# VP-GUJARAT

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે ગુજરાતની મુલાકાત લેશે. ઉપરાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી આજે પહેલી વાર ગુજરાતની મુલાકાતે આવશે.

મુલાકાત દરમિયાન, તેઓ એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણીના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે

# AMIT SHAH - CONSULTATIVE COMMITTEE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતના બનાસ ડેરી ખાતે સહકાર મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની ત્રીજી બેઠકની અધ્યક્ષતા કરશે.

ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા મંત્રી સણાદરમાં બનાસ ડેરીના બાયો-સીએનજી અને ખાતર પ્લાન્ટનું ઉદ્ઘાટન પણ કરશે અને સણાદરમાં અત્યાધુનિક 150 ટીપીડી મિલ્ક પાવડર અને બેબી ફૂડ પ્લાન્ટનો શિલાન્યાસ પણ કરશે. મંત્રી સણાદરમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

VC: APARNA KHUNT

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## AMBEDKAR

**દેશ આજે બાબાસાહેબ આંબેડકરને તેમની 70મી પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યો છે.**

**રાષ્ટ્રનિર્માણમાં ડૉ. આંબેડકરના યોગદાનને ઉજાગર કરવા માટે દેશભરમાં અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને અન્ય લોકો આજે સવારે નવી દિલ્હીમાં સંસદ ભવનના સંકુલમાં પ્રેરણા સ્થળ ખાતે તેમને શ્રદ્ધાંજલિ આપશે.**

# AVIATION- GOVT

સરકારે ઇન્ડિગો ફ્લાઇટ્સમાં કામગીરીમાં અવરોધો પાછળના કારણોની વ્યાપક સમીક્ષા કરવા માટે ચાર સભ્યોની સમિતિની રચના કરી છે.

સમિતિને 15 દિવસની અંદર તેનો અહેવાલ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે. એક નિવેદનમાં, DGCA એ જણાવ્યું કે સમિતિ, કામગીરીમાં અવરોધો માટેના મુખ્ય કારણો ઓળખશે. ઇન્ડિગો ફ્લાઇટ્સમાં અવરોધોને ધ્યાનમાં રાખીને, DGCA એ સ્થિર અને સરળ ફ્લાઇટ કામગીરી જાળવવા માટે ભારતભરના તમામ પાઇલટ સંસ્થાઓ, સંગઠનો અને પાઇલટ્સનો સહયોગ પણ માંગ્યો છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે ઇન્ડિગો ફ્લાઇટ્સમાં વિલંબ અને રદ થવાની સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને આશા છે કે આજથી મુસાફરોને રાહ જોવી પડશે નહીં. તેમણે કહ્યું કે સરકાર તમામ જરૂરી હિસ્સેદારો સાથે સક્રિય રીતે સંપર્ક કરી રહી છે.

દરમિયાન દેશભરમાં વ્યાપક ફ્લાઇટ રદ થયા પછી મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને, રેલ્વેએ સરળ મુસાફરી અને પર્યાપ્ત રહેઠાણ સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ પગલાં લીધાં છે.

દેશભરમાં 37 ટ્રેનોમાં કુલ 116 વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે. ઉચ્ચ માંગવાળા રૂટ પર વધારાના ચેર કાર અને સ્લીપર ક્લાસ કોચ ઉમેરવામાં આવ્યા છે, અને આ ઉમેરા આજથી અસરકારક રહેશે.

# ROBERT VADRA

દિલ્હીની એક ખાસ કોર્ટ આજે રોબર્ટ વાડ્રા સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસની સુનાવણી કરશે. અદાલત યુકે સ્થિત સંરક્ષણ વેપારી સંજય ભંડારી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં રોબર્ટ વાડ્રાને આરોપી બનાવવા અંગે EDની દલીલો સાંભળે તેવી અપેક્ષા છે.

# CRICKET-ODI

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ત્રીજી અને અંતિમ વનડે મેચ રમાશે. વિશાખાપટ્ટનમમાં રમાનારી આ મેચ બપોરે 1:30 વાગ્યે શરૂ થશે. બંને ટીમો શ્રેણીમાં 1-1થી બરાબર છે માટે બંને ટીમો આજે શ્રેણી જીતવા રમતમાં ઉતરશે.

# HOCKEY-MEN-S-JUNIOR-WORLD-CUP

મેન્સ હોકી જુનિયર વિશ્વ કપમાં, ભારતે બેલ્જિયમને હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે. ચેન્નાઈમાં રમાઈ રહેલી આ સ્પર્ધામાં ગઇકાલે ભારતે પેનલ્ટી શૂટઆઉટમાં ગોલ કરી 4-3થી મેચ જીતી હતી. ગોલ કીપર પ્રિન્સદીપ સિંહ શૂટઆઉટમાં કેટલાક અદ્ભુત બચાવ સાથે મેચનો હીરો રહ્યો. પ્રિન્સદીપને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

રવિવારે સેમિફાઇનલમાં ભારતનો સામનો જર્મની સામે થશે. ઉલ્લેખનીય છે કે ભારત બે વાર જુનિયર હોકી વર્લ્ડ કપ જીતી ચૂક્યું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના બધા અખબારોમાં ભારત-રશિયાના સંબંધો અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર લખે છે કે, "ભારત રશિયા વચ્ચે 100 અબજ ડોલરના વેપાર કરાર."
- "ભારત-રશિયાની ધ્રુવ તારા જેવી મિત્રતા: મોદી"ના સમાચાર સંદેશે લીધા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, "ભારત અને રશિયાની વચ્ચે રોડમેપ તૈયાર, 2030 સુધીમાં રૂપિયા 9 લાખ કરોડનો વેપાર."
- "ભારત-રશિયાના સંબંધો ધ્રુવના તારા જેવા: પીએમ મોદી"ના સમાચાર નવગુજરાત સમયે છાપ્યા છે.
- જ્યારે ફૂલછાબે લખ્યું છે કે, "ભારત-રશિયા વેપાર 100 અબજ ડોલરે પહોંચાડવાનું લક્ષ્ય."
- સ્થાનિક સમાચારોમાં "ટેક્સી સેવા પછી હવે હેલ્થ, લાઈફ સહિતના વીમા ક્ષેત્રે સહકારી વિભાગ પ્રવેશ કરશે: અમિત શાહ",
- "રાજ્યમાં ફરી ઠંડીનો માહોલ જામ્યો - 11.6 ડિગ્રી સાથે નલિયા સૌથી ઠંડુ શહેર",
- "શિક્ષણ બોર્ડે 10-12 ની પરીક્ષાના ટાઈમ ટેબલમાં પહેલા છબરડો કર્યો, હોબાળો મચી જતાં સુધારો." જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.